Phone : 079-23256731
079-2325045
079-2325741
Fax No.: 079-2325032
079-23250319

**ELECTION IMMEDIATE**

# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER
## GUJARAT STATE

**General Administration Department (Election Division)**
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંક:ઈએલસી/૧૦૧૯/૫૧૯૬/છ                                        તા.૦૯/૦૯/૨૦૧૯

પ્રતિ,
**સર્વે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ,**

**વિષયઃ- EVPની કામગીરી અંતર્ગત BLOs દ્વારા મળેલ રજૂઆત બાબત.**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય સંદર્ભે આજ્ઞાનુસાર જણાવવાનું કે, ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘ તરફથી મતદાર ચકાસણી કાર્યક્રમ અંતર્ગત BLO ને સોંપાયેલી મોબાઈલ એપ્લીકેશનની કામગીરી બાબતે પડતી મુશ્કેલીઓ સંદર્ભે વિવિધ મુદ્દાઓથી અત્રે રજૂઆત કરવામાં આવી છે, જેની નકલ આ સાથે સામેલ છે.

૨. સંઘની રજૂઆત સંદર્ભે નીચે જણાવ્યા મુજબની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

(૧) BLO ની કામગીરી જે શિક્ષકો/કર્મચારીઓ લાંબા સમયથી કરતા હોય અને હવે તે કામગીરી કરવા ઈચ્છુક ન હોય તેવા BLOની જગ્યાએ જ્યાં વૈકલ્પિક વ્યવસ્થા શક્ય હોય ત્યાં અન્ય શિક્ષકની અથવા ભારતના ચૂંટણી આયોગની સ્થાયી સુચનાઓ અનુસારના અન્ય વિભાગના કર્મચારીની નિમણુક કરવી.

(૨) હાલમાં જે BLO મતદાર ચકાસણી કાર્યક્રમ (EVP) અંતર્ગત કામગીરી કરી રહ્યા છે તેમને એ બાબતની અવશ્ય સમજ આપવાની છે કે EVP અંતર્ગત જે-તે મતદારે પોતાની વિગતોની જાતે ખરાઈ કરવાની છે અને BLO એ ફક્ત ઘર-ઘરની મુલાકાત દરમ્યાને જે-તે નાગરિકે વિગતો ચકાસેલ/સુધારેલ છે તે બાબતની માત્ર ખાતરી કરવાની છે. આમ, BLO ના પક્ષે કામગીરીમાં સરળતા રહેશે.

(૩) મતદાર યાદી તથા ચૂંટણી અંગેની રાષ્ટ્રીય કામગીરીમાં અત્યાર સુધી શિક્ષણ વિભાગ તરફથી સાથ-સહકાર મળી રહ્યો છે તે પ્રમાણે ભવિષ્યમાં પણ સાથ-સહકાર મળતો રહે તે બાબત જિલ્લા કક્ષાનાં અધિકારીશ્રીઓના પરામર્શમાં સુનિશ્ચિત કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(સહી)

**(નીતિન આચાર્ય)**
નાયબ સચિવ
મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી
ગુજરાત રાજ્ય

કલેક્ટર કચેરી ચૂંટણી શાખા
રાજકોટ
તારીખ 9-9-19
ઇ.નં. 1492
વર્કશીટ નં. ૨૨૬૯

બિડાણઃ- ઉપર મુજબ